# તીર્થ સ્થાનકોએ કઇ તિથિએ જવાથી ફળ મળે તેની ચમત્કારિક ગુરૂચાવી.

- ૐ ઋષિ પ્રિતેશભાઇ

આપણું ભારત એ તીર્થોની ભૂમિ કહેવાય છે અને ભારતવાસીઓનાં વ્યક્તિગત જીવનમાં તીર્થયાત્રાનું આગવું મહત્વ રહ્યું છે. વેદો અને ઉપનિષદોમાં મંદિરો, શિખરો, દેરાસરો, ગુફા-તળાવો, નદીઓ અને સરોવરો પણ તીર્થસ્થાનોની ગરિમા બક્ષવામાં આવી છે. ભારતમાં પ્રમુખ તીર્થસ્થાનો એક કે વધુ દેવી દેવતાઓ સાથે સંકળાયેલા છે. આ યાદીમાં સમર્થ સંતપુરુષોમાં જન્મસ્થાનો કે કર્મસ્થાનોનો પણ ઉમેરો થયો છે. તીર્થસ્થાનો સાથે દંતકથાઓ અને ચમત્કારની સત્ય વાતો પણ આપણે સાંભળેલી છે. ભારતનાં ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ કોઇપણ ખૂણામાં જાઓ કોઇ જગ્યા એવી નહી હોય કે જ્યાં દેવીદેવતાઓ, સંતપુરૂષોનું તીર્થસ્થાન ન હોય. એક રીતે જોઇએ તો એમ કહેવું જરાય ખોટું નથી કે સમગ્ર ભારત તીર્થભૂમિ છે. આજના વિષમ કહેવાતા કલિયુગમાં પણ ધર્મભાવના વધતી જોવા મળે છે અને કદાચ વધુ પ્રબળ પણ બની છે. મહુડી, સારંગપુર હનુમાન, નારીચાયિણા હનુમાન, શંખેશ્વર, ચારધામ, અમરનાથ, પાલીતાણા, ડાકોર, અંબાજી, નાથદ્વારા, શિરડી, જગન્નાથપુરી, તિરૂપતી વગેરે કોઇપણ તીર્થસ્થાન લઇ લો પ્રત્યેક વર્ષે કે મહિને અગાઉનાં વર્ષ કે મહિના કરતા વધારે ભક્તોની ભીડ જોવા મળે છે. કોઇ પૂનમ ભરે છે તો કોઇ અમાસ ભરે છે તો કોઇ ચોથ ભરે છે તો કોઇ વદ દશમ ભરે છે, આમ ભક્તો પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે જે તે તિથિએ તીર્થસ્થાનકોએ જતા હોય છે. મોટાભાગનાં લોકો કાર્યસિદ્ધિ માટે, કષ્ટનિવારક માટે કે મોક્ષની પ્રાપ્તિનું વરદાન મેળવવા કે પછી અન્ય કોઇપણ કારણસર જે તે તિથિએ તીર્થસ્થાને જવાની શ્રદ્ધા ધરાવતા હોય છે. પરંતુ ગાર્ડરીયા પ્રવાહની જેમ દોડતા લોકોને એનું જ્ઞાન નથી હોતું કે પોતાના માટે કઇ તિથિએ ધર્મસ્થાને જવાથી મનોવાંછિત ફળ પ્રાપ્ત થશે. માટે એના લીધે ઘણાં લોકો તેનું ફળ પ્રાપ્ત કરી શકતા નથી. આ લેખ વાંચનાર ઘણાં શ્રદ્ધાળુઓને પણ આવો અનુભવ થયો હશે.

ઓક્ટોબર, 2012ની આ વાત છે. સવારનાં અગિયાર વાગ્યાનાં સુમારે એક સજ્જન મને મળવા આવ્યા. તેમણે મને વંદન કરતા પોતાની વાત જણાવતા કહ્યું કે ગુરૂજી હું છેલ્લા પાંચ વર્ષથી ડાકોરની પૂનમ ભરુ છું. પરંતુ હજી સુધી મને કોઇ આર્થિક કે સામાજીક ફાયદો થયો નથી. મારા જીવનમાં હું આર્થિક રીતે ખૂબ જ અટવાયેલો છું અને કૌટુંબિક કલેશને કારણે મારા ધર્મપત્ની ઘર છોડીને પિયર જતા રહ્યા છે. અત્યારે મારી ઉંમર ૩૭ વર્ષ છે. પણ જીવનમાં કોઇપણ ઉમંગ અને ઉત્સાહ રહ્યો નથી. હું આપને એ પૂછવા માંગુ છું કે 'જ્યારે આપણી તકલીફ અને મુશ્કેલી હોય ત્યારે આપણા ઇષ્ટદેવ આપણને મદદ ના કરે? શું અમારા જેવા આસ્તિક અને શ્રદ્ધાળુ વ્યક્તિઓની આ દુનિયામાં કોઇ કિંમત નથી? હું મારા ઇષ્ટદેવ પર ખૂબ જ શ્રદ્ધા અને આસ્થા રાખુ છું. મારો આત્મા સાક્ષી છે કે મેં કોઇપણ સંજોગોમાં મારા ઇષ્ટદેવ પરથી શ્રદ્ધા છોડી દીધી નથી. મને મારા ઇષ્ટદેવની કૃપા મળે એ માટે શું કરવું એનો મને માર્ગ બતાવો.' મેં હસતાં હસતાં એ સજ્જનને કહ્યું કે 'જો આ કળિયુગમાં દરેક વ્યક્તિને એના ઇષ્ટદેવની સહાય મળે જ છે પરંતુ આપના ઇષ્ટદેવનાં ધર્મસ્થાને જવા માટે શાસ્ત્રોક્ત માર્ગ ઉપર ચાલવું ખૂબ જ

જરૂરી છે. માટે આપના ઇષ્ટદેવનાં દર્શન કરવા ક્યારે જવું અને શું કરવું એની માહિતી આપને આપુ છું.' આપના ઇષ્ટદેવની પ્રતિમાની સામે બેસીને હું આપને જે મંત્ર જણાવુ છું એ મંત્ર આપે કરવો જોઇએ. જેનાં માધ્યમથી આપને અચૂક અને ચમત્કારિક ફળ મળશે.

બરાબર 6 મહિના પછી એ સજ્જન મને ફરી મળવા આવ્યા. તેમનાં ચહેરા પર ખુશીનો પાર નહોતો. તેમણે મને પ્રણામ કરતા કહ્યું કે ગુરૂજી આપે આપેલ માર્ગદર્શન અને મંત્રસાગરમાંથી આપેલ અણમોલ મોતીરૂપ મંત્રએ મારા જીવનમાં એક ચમત્કાર સર્જીને મને ધન્ય બનાવી દીધો છે. હવે હું આપેલી તિથિ પ્રમાણે મારા ઇષ્ટદેવનાં દર્શને જવુ છું. જેનાથી અવિશ્વસનીય ઘટના એવી બની કે ત્રીજી જ વાર મારા ઇષ્ટદેવનાં દર્શન કરીને પરત ફરતો હતો ત્યારે રિસાઇને પિયર જતી રહેલી મારી ધર્મપત્નીનો ફોન આવ્યો અને એણે મને સામેથી કહ્યું કે 'હું જુની વાતો ભૂલીને ઘરે પાછી આવવા તૈયાર છું.' એની વાત સાંભળીને હું એકદમ ખુશ થઇ ગયો. એનાથી વધારે આગળ આપને જણાવું કે મારા ધંધાની જે તકલીફો અને મુશ્કેલીઓ હતી એ જાણે અચાનક ગાયબ થવા માંડી અને ધીમે ધીમે ધંધાને વેગ મળવાનો શરૂ થયો. આપ નહી માનો ગુરૂદેવ પણ હું મારા ખરા હ્રદયથી કહુ છું કે આપે જણાવેલી તિથી અને મંત્રના માધ્યમથી મારા ઇષ્ટદેવનાં દર્શન એમના સ્થાનક ઉપર જઇ કરતો થયો છું પછી મેં મારી સગી આંખે આ છ મહિનામાં બે ચમત્કાર જોયો છે. એક મારી પત્નીનું ઘરે પાછા ફરવાનું અને મારી આર્થિક પ્રગતિની રાહ ખુલવાનું. આપના આશીર્વાદ મારા પર હંમેશા રાખજો.

આપ સૌ શ્રદ્ધાળુઓને પણ આપની રાશિ પ્રમાણે આપના ઇષ્ટદેવનાં કઇ તિથીએ દર્શન કરવા જવું અને કયો મંત્ર કરવો એની માહિતી આપુ છું. તેમજ એ દિવસે જે કાર્યચક્ર યંત્ર નીચે દોરેલ છે તે જોડે લઇને જવું. આ કાર્યચક્ર યંત્ર કટીંગ કરી લેમીનેશન કરાવી દેવું અને હંમેશા જોડે રાખવું. નીચેનો મંત્ર રોજ 45 વખત કરવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસા એક વખત વાંચવા.

**કાર્યચક્ર યંત્ર**

| | | |
|---|---|---|
| 31 | 36 | 20 |
| 22 | 23 | 18 |
| 24 | 29 | 9 |

## રાશિ મુજબ કઇ તિથિએ તીર્થસ્થાનકોએ જવું અને કયો મંત્ર કરવો તેની વિગતઃ

મેષઃ ।। ૐ પ્રપલાવા પ્રપલાવા કાર્ય નમઃ ।।

તિથિ – સુદ – 14 (પૂનમની આગળની ચૌદસ)

વૃષભઃ ।। ૐ વાજિમા વાજિમા નમઃ ।।

| | |
|---|---|
| | તિથિ – વદ – 10 (દશમ) |
| મિથુનઃ | ।। ૐ કુપલામ કુપલામ નમઃ ।। |
| | તિથિ – સુદ – 11 (અગિયારસ) |
| કર્કઃ | ।। ૐ જાજલ્ય જાજલ્ય વાજિમામ નમઃ ।। |
| | તિથિ – સુદ – 15 (પૂનમ) |
| સિંહઃ | ।। ૐ દીવાત્ય દીવાત્ય નમઃ ।। |
| | તિથિ – સુદ – 12 (બારસ) |
| કન્યાઃ | ।। ૐ જાવિતા જાવિતા કાર્ય નમઃ ।। |
| | તિથિ – સુદ – 14 (પૂનમની આગળની ચૌદસ) |
| તુલાઃ | ।। ૐ સુતવ્ય સુતવ્ય નમઃ ।। |
| | તિથિ – સુદ – 9 (નોમ) |
| વૃશ્ચિકઃ | ।। ૐ રાવિલ્ય રાવિલ્ય નમઃ ।। |
| | તિથિ – સુદ – 10 (દશમ) |
| ધનઃ | ।। ૐ ધનિવ્ય ધનિવ્ય વામ નમઃ ।। |
| | તિથિ – અમાસ |
| મકરઃ | ।। ૐ દાજિવ્ય દાજિવ્ય નમઃ ।। |
| | તિથિ – સુદ – 1 (બેસતો મહિનો) |
| કુંભઃ | ।। ૐ વાવિલા વાવિલા નમઃ ।। |
| | તિથિ – સુદ – 4 (ચોથ) |
| મીનઃ | ।। ૐ દક્ષત્ય દક્ષત્ય વાવિ નમઃ ।। |
| | તિથિ – સુદ – 15 (પૂનમ) |

**।। ૐ નમઃ ।।**